# આંગણું

ઝટ કર, ઝટ કર,
સૂરજ તો આ આથમવા ચાલ્યો ને
આંગણું વાળવાનું હજુ બાકી છે.

જે મળે તેનાથી મંડી પડ
સાવરણીથી, પોતાથી, વૅક્યુમ ક્લીનરથી,
કે પછી પાંપણોથી,
વાળવા માંડ કે
બધી દિશાઓથી
આંધી ચડી છે;
કશુંય કળાતું નથી.
સારુંનરસું સઘળુંય ધસી રહ્યું છે
તારા જ આંગણામાં.

સુકાયેલાં સપનાઓની કરચો
અને ન ઓળખાય એવા કચરાઓના ગંજ
ખડકાઈ ચૂક્યા છે આંગણામાં.
કોહવાટના દરિયાએ, અંધારાની આગ લગાવી છે
તારા જ આંગણામાં
ઝટ કર ઝટ.

•

વડવાઓનાય વડવાઓ સાફ રાખતા આવ્યા છે,
આ કંચનવર્ણું આંગણું
જે આંખથીય વધુ નાજુક છે,
તેમાં આંધી ચડી છે જબરજસ્ત!

નજર સામે જ કરમાય છે
આંગણાનો તુલસીનો છોડ
જે ખૂબ જતનથી સાચવ્યો હતો
તારા જ પૂર્વજોએ.
હવે સમ ખાવા પૂરતાં ડાળડાંખળાં રહ્યાં નથી.
જલદી કર, જલદી કર,
વાળી નાખ આંગણાને
વેરાન બની જાય તે પહેલાં.

•

ધસમસતાં બુલડોઝરોની વચ્ચેથી
દિવસ શરૂ થયો ના થયો
ત્યાં તો સાંજ ધસી આવી.

બધાં જ લોક અટવાઈ ગયાં
અંડરબ્રિજ, ઓવરબ્રિજ, ફ્લાય ઓવરબ્રિજમાં
ને મેટ્રોની માથાકૂટમાં,
રોડ ડાઇવર્ઝનની આંટીઘૂંટીમાં
કોણ કયા ફાટક ઉપર છે તેય ક્યાં ખબર છે તને?

ઘેર પહોંચતાં સુધીમાં
ભૂલી ગયો હોઈશ,
તું જ તારા આંગણાને.

દિવસની દરેક પળે જેને વીસરી ગયો હોઈશ
તે આંગણું,
રાહ જોતું હશે તારી.

સવારે વાળવાનું હતું
સાંજ પડી

ને સૂરજ આથમવા ચાલ્યો
ઝાંખાપાંખા અજવાળામાંય
ઝટપટ વાળી દે આંગણું.

●

આંગણું જેટલું નજીક છે
એટલું જ દૂર છે.
દૂર ચાલી ગયેલાઓને પણ અંદર સાચવતું.
ને દૂર ક્ષિતિજ પારનું આંગણુંય લાગે
સાવ પાસે
જેણે સાચવી છે તારી સ્મૃતિસંપદા.

આંગણું તો છે જ,
આંખ જેટલું નાનું
ને આકાશ જેટલું વિશાળ.

આંગણું તો છે તારી
બારી ને અટારી
અગાશી ને આકાશ.
એનો ગમે તે આકાર કે કદ
એ હોય છે હાજરાહજૂર
તારા પ્રત્યેક ખંડમાં
પંડમાં
મનમાં.

●

આ આંગણું
જેટલું ચકલીનું છે
એટલું બિલાડીનું છે,
લોહીનું છે એટલું આંસુનું છે;
કસ્તરનું ને કાચનુંય છે.
છે સૌનું ને છતાંય કોઈનું નથી.

કોઈ દરવાજો ખોલી અંદર આવે
ને વાળે આંગણું

તેની રાહ જોઈ ઊભું છે,
એક અતિ પ્રાચીન પ્રતીક્ષા-વૃક્ષ.

તેની પરથી આંગણામાં
અનાગત નામના પંખીએ ખેરવેલાં
પીંછાં જ પીંછાં છે.

આંગણું તો અવિરત રાહ જુએ છે
કોઈ અજાણ્યા ફફડાટની
સૂરજ તો આ આથમી ચાલ્યો.

●

આંગણાની અંદર વળી પાછું એક આંગણું હોય છે,
જાણે પીંજરાની ભીતર પંખી.
તેની બહાર પણ એક આંગણું.
તારા નક્ષત્રોનીય પાર
એક આંગણું રાહ જોતું હોય છે,
કોણ વાળશે?

લાગે છે કે
આંખની કાળી કીકી જેવું મેલું હોય છે તે
જેવું હોય તેવું.
તે કીડી ને કબૂતરનું
મકોડાનું અને માળીનુંય છે.

પણ સૌથી વધુ
એ હોય છે તેની આરપાર ઊડતી ધૂળનું.
આંગણામાં અટવાતા ઓળાઓના ટોળા વચ્ચે
રાતદિવસ એકાકાર થઈ
આંગણાને આંગણા જેવું બનાવે છે.

●

આંગણું રિસાયું છે તારાથી
કે તું તેનાથી!

એ કળે ત્યાં સુધીમાં
સૂરજ તો આ આથમ્યો.
વાળવા માંડ અતીતના ઓટલા ઉપરથી.

કોને વહાલી ના હોય દરેક નાની નાની પગલીઓ
પણ, એ પણ ક્યારેક ફાળ ભરવાની કાળની જેમ
અને ક્યારેક આ આંગણું વીંધીને
ચાલી જશે
એક નવું આંગણું રચવા.
આથમતા સૂરજની સાખે.

પણ, એ ખાલીપામાં ને ખાલીપામાં
આંગણું આગળ વધે છે
પોતાના મૂળ તરફ.

અને તેથી જ લાગે છે
પાછું ફરે છે બધું
અંતે આંગણામાં.

અંત અને આરંભની સીમાઓ
ઓગાળવા જતાં સર્જાયું હોય છે
આ આંગણું.

•

હવે વારંવાર નહિ કહું હું તને
સાંજના ઓળા ગળી રહ્યા છે
આંગણાને
અને ભરડી રહ્યાં છે
રાતનાં અંધારાં સૌ કોઈને.
ચાલ, ઝટ કર
ઉપાડ જાતને.
મંડી પડને વાળવા,
આ ઘડી સરકી જાય તે પહેલાં,
બધી ક્ષિતિજો મીટ માંડીને બેઠી છે
આંગણામાં પધારવા.

•

આંગણામાં અગણિત પાંદડાં ખરે છે
તોય તે જીવે છે
પવન અને પ્રકાશને લીધે.
એ રાહ જુએ છે
કોણ આવીને ઝટપટ
સાફ કરે તેનો ચહેરો
કોણ લૂછે આંખો
ને કોણ ભરે અંતિમ બાથ?

•

એક કાળે
એક સંન્યાસી દીકરાએ
માની ચિતા કરી હતી આંગણામાં
તેના તેજે મઢ્યું આંગણું હજુ ઝળહળે છે.

યાદ કરતાં તેને,
કાળ થંભી જાય છે.
આંખ સામે આ જ ભૂમિ
પ્રશ્ન બની સળગે છે સઘળે.

કોઈ બોરડી પાસે પ્રતીક્ષા કરતી એક વૃદ્ધા
કે પછી એક અબળાને મારગ આપવા તત્પર ધરતી
કે પછી બંધ ઘર આગળ રાહ જોતી બિલાડી
બધુંય એકાકાર છે
આ તારા આંગણામાં.

પ્હો ફાટે કે ફાટે ભોં
એ પહેલાં
ચાલ, વાળી દે
ઝટપટ આ આંગણું.

■

## મશાલની મથામણ

આખેઆખો હાથ પ્રજ્વળતાં થયેલું અજવાળું
હજુ ગઈ કાલ સુધી અહીં હતું
આજે કેમ લાગે છે અંધારું?

આંધળી ગુફાઓ ઉજાળતું હતું
સદીઓ પછી તે.
તેજે મઢેલી એક કેડી
રચાઈ, ન રચાઈ ને
અદૃશ્ય વાવાઝોડામાં ખોવાઈ ગઈ
આસપાસમાં જ ક્યાંક.

હાથની મશાલ આજે
ખોળે હજુ એક દૃશ્ય.
વહાલના વંટોળ વચ્ચે લયનો દરિયો.

એક વાર અવકાશમાં રચાયેલા શબદ
ક્યાં ગયા
કાગળ ઉપર ઊતરેલાં એ મેઘધનુષ્ય
કેમ દેખાતાં નથી હવે?

આંખ દેખતી નથી કે
કાગળ ગળી ગયો છે
બધાય અશબ્દો?
આખેઆખી અજવાશની ભાષા જાણે થઈ ગઈ
ગરક ક્યાંક.

હાથ શું હજુય પ્રજ્વળે છે!
કોઈક તો તેને જોશે
તેની રાહમાં?

•

આજકાલ મશાલ કરતાં
મશાલધારકોની વધી ગઈ છે સંખ્યા.
એટલે જ પ્રત્યેક મશાલ

અવિરત રાહ જુએ છે
કોઈ હાથ બળવાની.
પણ રાખ રાખ થાય છે માત્ર સમય અને સ્થળ.

જેમની પાસે નથી કોઈ મશાલ
એ જ વાસ્તવમાં બનતા હોય છે મશાલધારકો.

•

આ તો કેવું?
મશાલચીઓનું ટોળું!
જેમણે જોયું નથી કોઈ અજવાળું
એ દરેક જણ માનતો હોય છે
નથી કોઈ પોતાનાથી મોટું!
અને જેમની જોડે હોતી નથી કોઈ મશાલ
એમને અંધારાના નિવાસી માનતા હોય છે!
રાતને દિવસ અને દિવસને રાત માનતા હોય છે
આ કહેવાતા મશાલધારકો
ઓળખી શકતા નથી પોતાનો પડછાયો
તોય રાતદિવસ દરેક મશાલ માટે તરફડતા હોય છે.

•

ધાડેધાડાં મશાલધારકોનાં
દોડાદોડ કરે છે, રઘવાયાં રઘવાયાં,
બૂમો પાડતાં કાળા કાગળોમાં
ઝનૂનથી કલમ ઘસતાં
જાણે ચકમક પેટાવી ધુમાડો વધારવો હોય છે.
તેઓ સળગાવે છે બધું
જે જે સહજ ને સુંદર સઘળું
માત્ર પોતે મશાલચી હોવાના ભ્રમથી.
સીમે સીમે આગ લગાડતા આ
મશાલચીઓ
હોલવી કાઢે છે રહ્યુંસહ્યું અજવાળું.

•

મશાલ હાથમાં નહિ
ભીતરમાં હોય છે
એ ક્યાંથી જાણતા હોય
આ મશાલચીઓ?
એ પોતાને જ માનતા હોય છે
મશાલની જ્યોત કરતાં ઊંચા.
તારા નક્ષત્રોથીય ઉપર
એમનું આકાશ
જેમાં કોઈનો પણ પ્રવેશ નિષેધ.

•

પોતાને જ બીજાના ઘરના રખેવાળ માનતા
આ મશાલધારકોએ તો
ક્યારનું પોતાનું ઘર
બાળી મૂક્યું છે.
છતાંય એમનું માનવું છે,
સૂરજ નહિ
પોતાની મશાલ જ સાચી
પોતાનો હાથ જ સાચો
એમનું અજવાળું જ સાચું
એ જ અને એ જ માત્ર રખેવાળ.
અને તેઓ
ભાષાના ટુકડે ટુકડા કરી
મારે છે પથ્થરની જેમ,
એવા લોકોને, જેઓ માનતા હોય છે કે
એમને નથી જોઈતી કોઈ મશાલ
નથી જોઈતો કોઈ હાથ.

મશાલ વગરના મશાલચીઓ તો સવારના શુદ્ધ પવનની જેમ
પસાર થઈ જવા માગતા હોય છે
આ અંધકારમાંથીયે.
એ વાત મશાલચીઓ જાણતા હોવા છતાં
અજાણ હોવાનો ડોળ કરતા હોય છે.

■

# ઘાસ વિશે જાણવા જેવું

ઘાસ એને જ કહેવાય જે
લીલું લીલું ઊગે, ચૂપચાપ.

લીલું લીલું ઘાસ.
ગાયને ગમે, બાળકને ગમે અને વૃદ્ધજનોને તો, ગમે જ ગમે.
સૌથી વધુ તો, પ્રેમીજનો માટે જ સર્જાયું હોય છે આ ઘાસ.

માળીને મન તો ઘાસ ધરતીનું સ્મિત
પણ એની પર જમાવીને બેઠેલાઓની વાત જુદી.
એ લોકો માનતા જ નથી.
ઘાસ છે તો વહાલ છે,
પણ એમને રોષ છે એ લોકો માટે
જે ઘાસ તરફ વળે છે, એમને પૂછ્યા વગર.
એટલે
બધી દાઝ ઉતારે છે ઘાસ ઉપર.
ઘાસ ઊગતું જાય તેમ એમને થાય કે,
આ ઘાસ કોને પૂછીને ઊગ્યું?
અરે,
ઘાસે કદી ટટ્ટાર ન રહેવાય,
એમના અંગૂઠાથી ઊંચા તો કદી ન ઉગાય?

બની બેઠેલાઓના અવનવા પેંતરા કેવા?

ઘાસનાં ગીત ગાતાં ગાતાં
તેના પર ઘસી ઘસીને મશીન ફેરવે!
લીલી વાતો કરતાં કરતાં
ખાતરને બદલે પેસ્ટિસાઇડ નાખે!

તોય ઘાસ બચી જાય તો –
પાણીની અછત કરી સૂકવી નાખવાના નુસખા કરે!

ઘાસ તો ઊગ્યે રાખે એવું ને એવું –
પાસેનાં વૃક્ષો પર બેઠેલાં પંખીઓનાં ગીત સાંભળતાં સાંભળતાં
ઘાસ તો ઘાસ જ રહે,

હરહંમેશ લીલું લીલું.
વ્હીટમેને કહેલું એમ,
ઈશ્વરે જાણીને સરકાવી દીધેલા રૂમાલ જેવું!

ઘાસ પર બેસી કોઈ નાસ્તો કરે, કોઈ ગીત ગાય –
ઘાસનું મૂળ તો વધુ મજબૂત થાય.

એ લોકોને ક્યાં ખબર છે
ઘાસ તો ઊગતું રહેવાનું ધરાર
ને જાણે –
ધરતીની ધજા થઈને ફરફરતું રહેવાનું સદાય.

ઘાસ સામે ઘાસ નાખનારાને શું ખબર?
જમાવીને બેઠેલાઓની નીચે એ દબાતું કચડાતું નથી.

એ તો ઊગે જ છે
ક્યારેક વેંતસમું
તો
ક્યારેક માથાસમું!

•

ઘાસ છે તો
ઝાડને સારું લાગે છે
અને ઝાડ હોવાથી
ઘાસ ગેલમાં રહે છે.

જો કે ઘાસ અને ઝાડના
માલિકોને
આ વાત પસંદ નથી.

વાસ્તવમાં ઘાસ પોતે
ધરતીનો જીવ હોવાનું માને છે
અને ઝાડ આકાશ તેમનો માલિક છે
એમ માને છે.

જ્યારે માલિકો
ઘાસ માટે કે ઝાડ માટે

ધરતી અને આકાશને વીસરી જાય છે
ત્યારે –

આમ તો કશું થતું નથી.

ઘાસ અને ઝાડ ઊગે રાખે છે
તમામ મતમતાંતરોથી દૂર રહી
અને
માલિકો નાના નાના જીવોની જેમ
આમ તો કશુંય ગુમાવતા નથી
માત્ર ગુમાવે છે છત્તર અને ખોળો
અનાથ બાળકની જેમ
જેની એમને ખબર હોતી નથી.

●

ઘણી વાર ઘાસને
વાઘ થવાનું મન થાય છે
પણ એ જાણે છે
વાઘ હોવાપણું, માત્ર માલિકો ધરાવે છે.
એટલે
ઘણું ઘણું મન હોવા છતાં
ઘાસ છેવટે ઘાસ જ રહે છે.

ઘણી વાર ઝાડને પણ
પંખીઓની જેમ મુક્ત રહેવાનું મન થાય છે,
પણ માલિકો એમનાં ફળ, ફૂલ આદિ પર
બરાબરની નજર માંડીને બેઠા હોય છે.
એટલે ઝાડ પણ કેવળ ઝાડ જ રહે છે
ઊભાં ઊભાં જે થઈ શકે તે તમામ મદદ કરતું.

છેવટે ઘાસ અને વાઘ
કે પછી
ઝાડ અને પંખી
બધાંય રાહ જુએ છે
માલિકોની ગુલામીમાંથી મુક્ત થવાની.

■

## વરસાદી ફૂદાં

અચાનક આવી ચડે છે
આ વરસાદી ફૂદાં બેરોક
નકામા વિચારોની જેમ.

કવિઓએ પ્રયોજેલાં ફૂદાંને
કેવળ તેજની તરસ રહેતી.

આ તો ભેજનાં ભેરુ
આવી ચડે ચૂપચાપ અચાનક અસંખ્ય
અને પાંખો ખેરવી અદૃશ્ય થઈ જાય.
મનમાં ચાલતાં અનેક તુક્કા અને તરંગની જેમ.

જેવી ખબર પડે કે
આ વરસાદી ફૂદાં ફરી વળ્યાં છે
આંગણામાં, અગાશીમાં, ઓરડામાં
ફટાફટ હોલવી કાઢવામાં આવે છે
ઘરનું બધું જ અજવાળું.

જડબેસલાક બંધ કરી દેવામાં આવે છે
બારીબારણાં તમામ.
પણ તોય આ વરસાદી ફૂદાંઓ એંધાણી મૂકતાં જાય છે
એમની અસંખ્ય ખરેલી પાંખો દ્વારા.

આજકાલ
ગામ, શહેર, દેશ ને દુનિયામાં,
મનથી માટી સુધી,
વરસાદી ફૂદાંઓની ખરેલી પાંખોના
ઢગના ઢગ ખડકાયેલા છે.
દેખાતું નથી ક્યાંય એકાકી અજવાળું
બંધ છે બધાંય બારીબારણાં.

આ વરસાદી ફૂદાંઓ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે
એની કશીય સમજ પડતી નથી.

બસ, એ આવે છે અને અદૃશ્ય થઈ જાય છે, એકાએક,
ના ભુલાતાં બિહામણાં સપનાંઓની જેમ.

■

# શિકારીઓ જ શિકારીઓ...

આંખ ખોલીને જોઉં છું,
તો, ચારેબાજુ શિકારીઓ જ શિકારીઓ.

પહેલાં જંગલમાં જવું પડતું
શિકાર ને શિકારી જોવા.
હવે તો બારણું ખોલતાં જ, સામે શિકારી!
વહેમ થાય, શું આપણે તો શિકારી કે શિકાર નથી ને?

– કે પછી આપણે
મારણ તો નથી બન્યા ને કોઈના
આપણી જાણ બહાર?
દર્પણમાં દરરોજ આપણે જ
શિકાર ને શિકારી હોઈએ છીએ,
પણ મારણ ક્યાં?

ડગલે ને પગલે પીછો કરતો
પેલો પડછાયોય હવે સારો લાગે છે,
ત્યારે આંખ આગળ વસ્ત્ર ખેંચનાર સામે
તોય કેમ નતમસ્તક છીએ આપણે?

તારણ તો એ છે
મારણ છે આ ક્ષણ જ શ્વાસના દીર્ઘ પટ પર.

•

આપણી સાવ લગોલગ
એકદમ વચ્ચોવચ
એક ફેણ વગરનો સુંદર સાપ કેમ સર્યા કરતો લાગે છે?

દૂધ પિવડાવી પિવડાવી તીવ્ર કર્યાં છે
તેનાં રંગબેરંગી ઝેર.
નહોર હોય તો વાગે તેની તીક્ષ્ણતા
આ તો હળવે હળવે હળાહળ મહાવિષ
લોહીને બદલે ફરતું થયું છે
તેનીય નથી કરી કોઈ તમા!

શિકારી ઘણી વાર પોતે જ પોતાનો શિકાર કરી નાખે છે
તે વાત હવે સામાન્ય છે
આ ઘનઘોર સ્કાયસ્કેપરોનાં જંગલોમાં.

જંગલ હોય તો ઝટ નીકળી જવાય બહાર
આ વન વિનાના વનની
આંટીઘૂંટીમાં
અજવાળામાંય ભૂલા પડેલા
ભૂધારીઓ જ છે માત્ર છેડો
આ કેડીનો.

•